

વર્ષ ૩ અંક ૬

શ્રીઅજા

એકાદશી વ્રત

શ્રાવણ વદ ૧૧ ,

૨૦૬૬

તાત તણો પ્રતિબિંબ રે રસના



અનુક્રમણિકા

राग कल्याण

वल्लभवर अति सुंदर देखत देखिवो कीजे ।।

सुनरी सखी यह सब अंग अंग रंग नेननही रस पीजे ।। १ ।।

परम सुखद जीवन जीयको आंको भरि भरि लीजे ।।

वल्लभदास पिया श्रीगोकुलेश को उर पर राखी रहीजे ।। २ ।।

શ્રીગોકુલેશ પાઠશાળા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;

નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દૈ સદા અપાર;

ઐસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખૈ સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કૈ શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

શ્રીગોકુલેશ પ્રભુચરણની સૃષ્ટિનો સમાનાર્થક અર્થ એટલે કે અનન્યાશ્રય અને સ્વરૂપાસક્તિ. જેવા રાજા, તેવી પ્રજા જેવો ન્યાય આપણે લોકમાં જોઇએ, તેવોજ ન્યાય આપણે આપણા શ્રીવલ્લભ સંપ્રદાયમાં શ્રીગોકુલેશ પ્રભુચરણના અનન્ય સેવકોમાં પણ જોવા મળે છે. વિલક્ષણ ભગવદ્ સ્મરણ, વિલક્ષણ તિલક. પણ શું આ અનન્યતા કે સ્વરૂપાસક્તિ આપણને કેવળ સેવક સમુદાયનો આર્દ ભાવે જોવા મળે છે? શું આચાર્યસ્વરૂપ પણ આવી અનન્યતા વિષે પ્રકાશ કરે છે? પ્રશ્ન યથાર્થ છે. અને પ્રતિઉત્તર પણ યથાર્થ સ્વરૂપે જ દેવો જોઇએ. અને પ્રતિઉત્તરમાં હા કહેવાય. કારણકે શ્રીમહાપ્રભુજી સ્વયં અનન્યતાની આજ્ઞા પ્રદાન કરે છે.

શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથની રચના કરી. ભક્તિનો બીજ કેવી રીતે દ્રઢ થાય, તેવા ઉપાયો આપશ્રીએ ક્રમશઃ આ ગ્રંથમાં આજ્ઞા કરી છે. સાથેજ અનેક મહાનુભાવ આચાર્યો દ્વારા આ ગ્રંથના ગૂઢ રહસ્યોનો પ્રકાશ કરી ટીકા પ્રગટ કરી છે. તે ટીકાકારોમાં અગ્રણ્ય સ્થાન આપના સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણની ટીકા ખૂબજ વિલક્ષણ છે. આપશ્રી ખૂબજ સુંદર રીતે આ ગ્રંથને સમજાવે છે. સેવક-વૈષ્ણવોને આ ભક્તિમાર્ગ સુલભ થાય તે હેતુ આ ટીકા પ્રગટ કરી છે. આપશ્રી એક એક મુખ્ય પદનું સુંદર રીતે રહસ્ય પ્રગટ કરી આપણા જેવા જીવો માટે માર્ગ સુલભ કરી દીધો છે.

કલિયુગમાં કર્મ અને જ્ઞાન કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે. તો આ જે ભક્તિ આપણા ભક્તિમાર્ગની છે, તે કેવી રીતે ફલિભૂત થાય, કેવી રીતે દ્રઢ થાય, તેવા ઉપાયો આપણને શ્રીમહાપ્રભુજી આ ભક્તિવર્ધિની ગ્રંથમાં બતાવી છે. **...यथा येन साधनेन भक्तिः स्वप्रवर्तितमार्गरूपा प्रकर्षेण वृद्धिं प्राप्नोति तथा तत्प्रकारक उपायः साधनं निरूप्यत उच्यत इत्यर्थः।** આ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ જે સાધનથી સ્વયંએ પ્રગટ કરેલ સ્વમાર્ગરૂપા ભક્તિની ઘણી વૃદ્ધિ થાય છે, તથા તે ઉપાય દ્વારા સાધનનું નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. એટલે ઉપરોક્ત વચનથી સ્પષ્ટ થાય છે કે આપણો આ પુષ્ટિભક્તિમાર્ગ જે છે, તે કેવળ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને નિયામક છે, કારણકે આપશ્રી દ્વારા પ્રવર્તિત આ માર્ગરૂપા ભક્તિ છે. આ ભક્તિ ફલરૂપા ક્યારે થાય, કે જ્યારે જીવનો બીજભાવ દ્રઢ થાય ત્યારે ભક્તિ ફલરૂપા બને છે.

અને આ ભક્તિના બીજભાવને પહેલા વૃદ્ધિ પામવા માટે શ્રીગોકુલેશ પ્રભુ શ્રીમહાપ્રભુજીના હૃદયના હાર્દ પ્રગટ કરતાં આજ્ઞા કરે છે કે **आचार्यस्तु स्वप्रकटितशुद्धपुष्टिमार्गीयभक्तिनिरूपणं कर्तुं तस्याश्च मर्यादाभक्तिवैलक्षण्यं ज्ञापयितुं तत्साधनानि**

तत्फलं च वक्तुं तत्साधनानां तत्फलस्य च वैलक्षण्यं वक्तुं भिन्नतया स्वमार्गीयां भाक्तिं तद्वृद्धिप्रकारसाधनं च निरुपयन्ति....। શ્રીગોકુલેશ પ્રભુ વધું આગળ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રગટિત શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્તિનું જે આ ગ્રંથમાં નિરૂપણ પ્રાપ્ત થાય છે, તે અન્ય મર્યાદામાર્ગીય ભક્તિથી વિલક્ષણ છે, તે સહજ રીતે જાણી શકાય, તેના સાધનો દ્વારા, તેના ફલ દ્વારા. **यथा स्वमार्गीयप्रवर्तितसाधनैर्भक्तिः शुद्धपुष्टिमार्गीया प्रकर्षेण वृद्धा वर्धिता स्यात्। वृद्धौ प्रकर्षः फलोन्मुखत्वम्।..**શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રગટિત સાધનો જે ભક્તિલભ્ય છે, તે શુદ્ધપુષ્ટિમાર્ગમાં પ્રકૃષ્ટરૂપથી વૃદ્ધિ પામે છે, અને આ ભક્તિવૃદ્ધિજ ફલરૂપ છે. અને આ ભક્તિની વૃદ્ધિ માટે બીજભાવ દ્રઢ હોવો જરૂરી છે.

શ્રીગોકુલેશ પ્રભુચરણ અત્રે ખૂબજ વિલક્ષણ આજ્ઞા પ્રદાન કરે છે, જે કેવલ **आचार्यस्तु स्व-प्रकटितशुद्ध-पुष्टिमार्गीय-भक्ति** છે, તે ભક્તિ ફલરૂપા કેવી રીતે બની શકે, બીજભાવ દ્રઢ કેવી રીતે થઇ શકે? તો સર્વ પ્રથમ શ્રીગોકુલેશ પ્રભુચરણ બીજભાવના સ્વરૂપને નિરૂપણ કરી ત્યારબાદ બીજભાવના દ્રઢતાનું નિરૂપણ કરે છે. શ્રીગોકુલેશ પ્રભુચરણ આજ્ઞા કરે છે : **अत्र बीजभावस्वरूपं [1]<u>शुद्धपुष्टिमार्गीयाचार्यानुग्रहपूर्वकं [2]स्वमार्गप्रकारकभगवन्निवेदनानन्तरं [3]भगवदङ्गीकार</u> एव बीजभावः। तस्य दार्ढ्यं निरन्तरं तद् <u>एकपरतया</u> तन्मार्गस्थितिः। तुशब्देन मार्गान्तरीयसाधनव्युदासः।**

કેટલી સુંદર આજ્ઞા શ્રીગોકુલેશ પ્રભુચરણ અત્રે કરી રહ્યાં છે કે બીજભાવનું સ્વરૂપ કેવું છે? તો ત્યાં આપશ્રી ત્રણ લક્ષણ પ્રગટ કરે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે પ્રથમ તો તે જે જીવ આ માર્ગમાં આવ્યો છે, તેને માટે તો આ જરૂરી છે કે તે [1]શુદ્ધ-પુષ્ટિમાર્ગીય આચાર્ય(શ્રીમહાપ્રભુજી)ના અનુગ્રહ દ્વારા, [2]સ્વમાર્ગના (શ્રીમહાપ્રભુજીના માર્ગના) પ્રકાર દ્વારા ભગવન્ નિવેદન કર્યા બાદ, [3]ભગવાન જો અંગીકાર કરે ત્યારે તે બીજભાવ કહેવાય. કેટલી સુંદર આજ્ઞા આપણને પ્રાપ્ત થાય છે. બીજભાવ દ્રઢ કરવો છે. બીજભાવના સ્વરૂપને આપણે સમજ્યાં, તો પછી તેને દ્રઢ કેવી રીતે કરવો? ત્યાં શ્રીગોકુલેશ પ્રભુચરણ આપણને સુંદર આજ્ઞા પ્રદાન કરે છે કે આપણે આ માર્ગમાં સ્થિર સ્થિતિ પામવી હોય અને બીજભાવને વૃદ્ધિની સાથે દ્રઢ કરવો હોય તો પછી આપણે **<u>एकपरतया</u>** થઇ રહેવું જોઇએ. જેને શરણે ગયા, તેનું કેવળ એક માત્ર શરણ સ્વીકારવું જોઇએ, અન્યનો નિરાસ થાય છે.....

આજ અનન્યતાને શ્રીચતુર્થપીઠાધીશ્વર શ્રીમાન્ શ્રીકન્હૈયા પ્રભુ (સં.૧૯૨૬)એ એક સમયે આજ્ઞા કરી : એક સમય પ્રસંગોપાત આજ્ઞા કરી કે 'ભૂતલ ઉપર જે સ્વરૂપ પ્રગટ થાય છે, તે પોત-પોતાના ભક્તો-સેવકોને માટે પ્રગટ થાય છે, તેથી જે જીવ માટે જે સ્વરૂપ પ્રગટ થાય છે, તે સાક્ષાત્ સર્વોપરી જાણી સર્વાત્મભાવથી અનન્ય ભક્તિ દ્વારા સેવા કરવી જોઇએ, તેજ સ્વરૂપ ફલરૂપ છે અને તે સ્વરૂપની પ્રાપ્તિ છે.'

આપણા શ્રીગોકુલેશ પ્રભુના ગૃહમાં આજ અનન્યતા આજે પણ યથાર્થ સ્વરૂપે જોવા મળે છે. આ અનન્યતા કોઇને વાડાબંધી લાગતી હોય તો પછી ઉપરોક્ત સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણના વચનોને ધ્યાનથી અવલોકન કરવું, સમજવું અને પછી ગંભીરતાથી વિચારીને વ્યર્થાલાપ બંધ કરી દેવો જોઇએ. કારણકે જો શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રગટિત માર્ગમાં સ્થાન પ્રાપ્ત કરવું છે, તો બીજભાવ દ્રઢ કરવો જરૂરી છે, અને જો બીજભાવ દ્રઢ કરવો હોય તો છી તે જીવે કેવલ એકને આધિન થઇ રહેવું પડશે.

આપણે સૌ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ આજ અનન્યતાને અનુસરીએ છીએ. તેથીજ આપણે કેવલ ને કેવલ શ્રીગોકુલેશ પ્રભુને અનુસરીએ છીએ. આપશ્રીને પ્રિય એવા દંડાકાર તિલકને ધારણ કરીએ છીએ, અને આપશ્રીના અનન્ય સ્વરૂપાસક્ત ભક્તો દ્વારા ઉદ્ગાર પામેલ જય જય શ્રીગોકુલેશ ભગવદ્ સ્મરણ સદૈવ કરીએ છીએ. આજ અનન્યતા, અને તે દ્વારા તન્માર્ગ (શ્રીમહાપ્રભુજીના માર્ગ)માં સ્થિર સ્થિતિ, અને દ્રઢ બીજભાવ દ્વારા ફલ પ્રાપ્તિ.....

આ પખવાડીયામાં ઋષિ પંચમી, દ્વિતીય શ્રીસ્વામિની શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ, શ્રીરાધાષ્ટમી-મુખ્ય શ્રીસ્વામિનીજીનો ઉત્સવ, અને માર્ગના વિદ્વાન એવા દશદિગન્ત વિજયી શ્રીપુરુષોત્તમજીનો ઉત્સવ (સં.૧૭૧૪).

-: દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજ :-

(સં.૧૭૧૪)

વંશાવલી

શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી
↓
શ્રીગુસાંઇજી
↓
શ્રીબાલકૃષ્ણજી
↓
શ્રીપીતાંબરજી
↓
શ્રીયદુનાથજી
↓
શ્રીપીતાંબરજી
↓
શ્રીપુરુષોત્તમજી.

આપશ્રી દ્વારા લિખિત ગ્રંથો :-

વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ ભાગવત અને સાંપ્રદાયિક વિષયો પરત્વે નવ લાખ પૂર સાહિત્ય પ્રગટ કર્યા છે. આપશ્રીના પ્રકટિત સાહિત્ય આ પ્રમાણે છે. **અવતાર વાદાવલિ** :- પ્રહસ્તવાદ, પ્રહસ્તવાદ પર ટીકા, પસડિત કરભિંદિપાલવાદ, ભેદ-અભેદસ્વરૂપનિર્ણય, પ્રકૃતિપૂજનવાદ, સૃષ્ટિભેદવાદ, ખ્યાતિવાદ, અંધકારવાદ, બ્રાહ્મણત્વ-આદિ-દેવતાવાદ, જીવ-પ્રતિબિંબત્વ-ખંડનવાદ, આવિર્ભાવ-તિરોભાવવાદ, પ્રતિબિંબવાદ, ભક્ત્યુત્કર્ષવાદ, ખલાલાપનવિધ્વંસવાદ, નામવાદ, મૂર્તિપૂજનવાદ, ઊર્ધ્વપુન્ડ્રધારણવાદ, શંખચક્રધારણવાદ, તુલસીમાલાધારણવાદ, ઉપદેશવિષયસારિકાનિરાસવાદ, ભગવત્સ્વરૂપ-વિષયકસારિકા-નિરાસવાદ, સ્વવૃત્તિવાદ, જીવ-વ્યાપકત્વ-ખંડનવાદ, અભાવવાદ, વસ્ત્રસવાવાદ, આત્મવાદ, ભક્તિરસત્વવાદ..વગેરે

બીજા કેટલાક સ્વતંત્ર ગ્રંથો : પ્રસ્થાનરત્નાકર, સમર્પણનિર્ણય, મુક્તિ-ચિંતામણિ, દ્રવ્યશુદ્ધિ, ઉત્સવપ્રતાન, ઉત્સવભાવાનુક્રમ, વગેરે

શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલના ગ્રંથો પર ટીકા-સાહિત્ય : અણુભાષ્યપ્રકાશ, ન્યાયમાલા, સુવર્ણસૂત્ર, આવરણભંગ યોજના, ષોડશપ્રકાર ગ્રંથસંગતિની, ષોડશગ્રથો પર ટીકા (૧૬ ગ્રંથો પર), ભક્તિહંસ પર બે ટીકાઓ, ભાવાર્થઅધિકરણ-ભાષ્યપ્રકાશ, નિબંધ ગ્રંથ (ત્રણેય નિબંધ) પર આવરણ ભંગ ટીકા, ભક્તિહેતુનિર્ણય પર ટીકા, પૂર્વમીમાંસાકારિકા-વિવરણ, શ્રીસુબોધિની પ્રકાશ, શ્રીભાગવત પર સૂક્ષ્મ ટીકાઓ, ગાયત્રિ આદિ અર્થ પ્રકાશ-કારિકા વિવરણ, ન્યાસાદેશ-વિવરણ, પત્રાવલંબન ટીકા, વલ્લભાષ્ટક વિવરણ, વગેરે.

બીજા ગ્રંથો પર ટીકા-સાહિત્ય : માંડુક્યોપનિષદદીપિકા, નૃસિંહતાપિનીઉપનિષદ્ દીપિકા, કૈવલ્યોપનિષદ્ અર્થ સંગ્રહ, બ્રહ્મોપનિષદ્-અર્થસંગ્રહ, ગીતાજીની અમૃતરંગિણીની ઓળખ, વગેરે વગેરે વગેરે.

ભાવક :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

...ભક્તિવર્ધિની ગ્રંથ શ્રીગોકુલેશ પ્રભુચરણની ટીકામાંથી નિવેદન...

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૬ શ્રાવણ વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૬ ભાદરવા સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

સપ્ટેમ્બર ૫, ૨૦૧૦ થી સપ્ટેમ્બર ૧૮, ૨૦૧૦

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૨ - શ્રાવણ વદ	રવિ	સપ્ટેમ્બર-૫	શ્રીઅજા એકાદશી વ્રત
૧૩	સોમ	૬	
૧૪	મંગળ	૭	
૩૦	બુધ	૮	કુશગ્રહી અમાવસ
૧	ગુરુ	૯	
૨-૩	શુક્ર	૧૦	શ્રીરાધાષ્ટમીની વધાઇનો પ્રારંભ
૪	શનિ	૧૧	
૫	રવિ	૧૨	ઋષિ પંચમી દ્વિતીય શ્રીસ્વામિની શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ
૬	સોમ	૧૩	
૭	મંગળ	૧૪	
૮	બુધ	૧૫	શ્રીરાધાષ્ટમી-મુખ્ય શ્રીસ્વામિનીજીનો ઉત્સવ
૯	ગુરુ	૧૬	
૧૦	શુક્ર	૧૭	
૧૧	શનિ	૧૮	દશદિગન્ત વિજયી શ્રીપુરુષોત્તમજીનો ઉત્સવ (સં.૧૭૧૪)

જે કર્મથી ધર્મ, વૈરાગ્ય અથવા ભક્તિ થાય તે ત્રણ પ્રકારનાં કર્મ જ સફળ થાય છે. જે તેવાં કર્મ કરતો નથી તે જીવતાં પણ મરેલો જ છે, (કારણકે) કર્મ કરવું તે જીવનાં ને મરેલાંથી વિલક્ષણ સાબીત કરે છે.

(શ્રીસુબોધિનીજી ૩.૨૩.૫૬)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

જન્માષ્ટમીનિર્ણય અને શ્રીગોવર્ધનનાથજીનો પરોણાચાર

...ગતાંકથી આગળ

મથુરા પધારતાં પહેલાં એક દિવસ અગાઉ શ્રીગુસાંઈજીએ પોતાના અધિકારી ચાંપાભાઈને સેવાના સાજ તેમ સ્થાનની યોગ્ય ગોઠવણ કરવા માટે મોકલ્યા હતા. ચાંપાભાઈ મથુરામાં જઈ ગતશ્રમને ટીલે શ્રીગુસાંઈજીના સેવક કપૂર ક્ષત્રીને મળ્યા. આ સદ્‌ગૃહસ્થ ભાવિક સમૃદ્ધિવાન અને આબરૂદાર હતા. જ્યારે ચાંપાભાઈના કહેવાથી એમણે જાણ્યું કે શ્રીગુસાંઈજીના સકુટુંબ અત્રે નિવાસ કરવા પધારે છે ત્યારે એ ઘણું હર્ષ પામ્યા અને પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યા. એમણે ત્વરાથી પોતાની એક સુંદર હવેલી સાફ કરાવી, ધ્વજાપતાકાથી શણગારી આપી. ચાંપાભાઈનેએ સોંપી દીધી. હવેલી મળતાં ચાંપાભાઈએ એમાં જોઈતી સર્વ તૈયારી કરી રાખી.

મથુરાપ્રવેશ :-

બીજે દિવસે શ્રીગોકુલેશ પ્રભુ શ્રીગોકુલથી પધાર્યા ત્યારે શેઠજી ગામના ભાવિક વૈષ્ણવો સાથે જુદી જુદી જાતનાં વાહન તથા શોભીતો સાજ લઈ સામા આવ્યા. આ સાજમાં જે ઘોડા હતા તેનું વર્ણન કરતાં ગોપાલદાસભાઈ વ્યારાવાળા કહે છે કે :

મણિમેં જડિત મોહોરા, મુખ ઉપર વારુ ચૌકડે વાગજી;

પેંગડા તણી તે પરમ સુકોમલ, અતિ સુખદાઈ રાગજી. ૧૯

પંચરંગ મફતુલ ફૂદાં પર ઝાંબાં ઝલકે હાટકજી;

સકલ શૃંગાર તુરી સંપૂર્ણ, કરતા નાના નાટકજી. ૨૦

શ્રીગોકુલેશ પ્રભુએ પોતે એક પાસ બે અને બીજી પાસ ત્રણ બંધુઓ સાથે સવાર થઈ અનેક ભક્તજનની સાથે શહેરમાં પ્રવેશ કર્યો અને માર્ગમાં અશ્વ ચલાવતાં પોતાની અશ્વવિદ્યાનું કૌશલ બતાવી આપ્યું. શ્રીગોકુલેશ પ્રભુ શહેરમાં પધાર્યા એટલે ઘેરઘેરથી અનેક સ્ત્રીજન દર્શનાર્થે બહાર નીકળ્યાં :

કો આવ્યાં સનમુખ, કો ગલીએ, કો ઊભાં નિજ દ્વારજી;

ગેહ-કાજ ભૂલ્યાં સહુ ને એમ વિહ્વલ થયાં નરનારજી. ૪૩

કોઈ આનંદભેર ભરપૂરિત, ધાઈ ધાઈ ચઢ્યાં અટાલીજી;

નિરખે મહાસુંદર વર નિરૂપણ, શકે ન આપ સંભાલજી; ૪૪

જોવા રહી એ પ્રેમપુલકિત થઈ ચિત્ર લખી શી દીસેજી;

એકટક ચકિત થકિત થૈ જ્યાંહ ત્યાંહ જ હૈડું હીસેજી. ૪૫ (પ્રાગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૨૨)

આ પ્રમાણે મુકામે પધાર્યા પછી શ્રીગુસાંઈજીએ સર્વ બાળકો સાથે ભોજન કરી વિશ્રામ કર્યો. પછી કપૂર શેઠની એક હવેલીમાં પોતાની સઘળી સગવડ યોગ્ય રીતે નહિ થઇ શક્વાથી બીજી એક હવેલી વેચાતી લઇ શ્રીગુસાંઈજીએ ત્યાં વાસ કર્યો.

શાસ્ત્રાભ્યાસ :-

મથુરામાં આવ્યા પછી શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલેશ પ્રભુને દક્ષિણના એક પંડિતરાજ શિવદત્ત ભટ્ટને ત્યાં શાસ્ત્ર ભણવા મોકલ્યા. વિચિત્ર રાજ ભણવા આવતા તેમને ગુરુજી આદરપૂર્વક પ્રેમથી શાસ્ત્રના સિદ્ધાંત ભણાવતા. શ્રીગોકુલેસ પ્રભુને શાસ્ત્ર ભણવા પર રુચિ નહોતી. રુચિ કેમ હોય? સર્વજ્ઞ રસમય પ્રભુને ભણાવવાનું શું ને ભણાવી પણ કોણ શકે? પણ ભૂતલમાં પ્રાગટ્ય હતું માટે જનશિક્ષાર્થે લોકવત્ ક્રીડા કરી રહ્યા હતા. શ્રીગોકુલેશજી ગુરુને ત્યાં રહેતા નહિં. હાલની માફક ગુરુ પાસે પોતાના પાઠ શીખી ઘેર પાછા તો વાંચતા જ નહિ, પણ એને બદલે શ્રીમદ્ ભાગવતનું બારીક અવલોકન કરતાં, એના ગૂઢ ભાવનું મનન કરતા તથા વારંવાર એ રસનું અનુસંધાન તેમ ધ્યાન ધરતા. શ્રીગોકુલેશ પ્રભુનું આવું વર્તન જોઇ એમના કેટલાક સહાધ્યાયીઓએ ગુરુજીને જણાવ્યું કે :

તમારું ભણાવ્યું ભણતા નથી તે એક લગારજી;

બીજી પોથી પાઠ કરે છે પોતે ભવન મોજારજી. ૮૭

આ ઉપરથી ગુરુએ એમને મોઢે પાઠ તૈયાર કરવા કહ્યું અને જણાવ્યું કે જો આમ આપેલા પાઠ તૈયાર કરશો નહિ તો પછી શ્રીગુસાંઈજી પરીક્ષાર્થે કાંઇ પૂછશે તો શો જવાબ આપશો? ગુરુનો આ ઠપકો સાંભળતા વાર એ સર્વજ્ઞ શ્રીગોકુલેશ પ્રભુએ ગુરુના શીખવેલા પાઠ સઘળા મોઢે ભણી બતાવ્યા. એ સાંભળી ગુરુ તેમજ અન્ય વિદ્યાર્થીઓ ઝાંખા પડી ગયા અને તપાસ કર્યા વગર શ્રીગોકુલેશ પ્રભુને ઠપકો આપવા માટે ગુરુને પશ્ચાતાપ થયો. એ ઉપરાંત ગુરુજીએ ખોટી ફરિયાદ કરવા માટે અન્ય વિદ્યાર્થીઓને ઠપકો આપવા માંડ્યો ત્યારે એઓએ કહ્યું કે એમને આવડવાની વાત તો અમે શું જાણીએ? પણ ઘર આગળ શ્રીગોકુલનાથજી તમારા પાઠ વાંચતા નથી એ વાત સત્ય જ છે. એમને વગર વાંચ્યે શી રીતે આવડે છે એ તો સમજાતું નથી. આ ઉપરથી ગુરુએ એકાંતમાં જઇ શ્રીગોકુલેશ પ્રભુ ઘેર શું વાંચે છે એની તપાસ કરી. એણે એમને શ્રીભાગવત વાંચતા જોયા. એ જોઇ ગુરુ આશ્ચર્ય પામ્યા અને શ્રીગુસાંઈજી પાસે જઇ કહેવા લાગ્યા કે

વેદ શાસ્ત્ર ને શ્રીભાગવતને એ ઘેર કર્યો નિવાસજી. ૯૫

એહને તે હું શું ભણાવું? એ કો કારણ રૂપજી;

એવાં વચન કહી વળિયો, દીધી આશિષ અનૂપજી. ૯૬

આ સાંભળી શ્રીગુસાંઈજી, શ્રીશોભાજી વગેરે હર્ષ પામ્યાં. આ પ્રસંગમાં શ્રીમુખના વચન છે કે :

હમે મથુરામાં પઢીએ ઓર શાસ્ત્ર પઢાવે પર હમકૂ રુચિ નહિજી.

હમકું શાસ્ત્ર પ્રકાર સેહેજ આવે નીકે કરીયજી;

હાં એક વેદ માત્ર હમ પઢે હે ઉપાધ્યાયે ચિત્ત ધરીયજી. ૯૯

શ્રીભાગવત હમ કાહુ પાસે પઢે નહિં એ નિર્ધારજી;

રઘુનાથે કહ્યો કાકાપેં પઢિયે આપુન એક વારજી. ૧૦૦

મેં કહ્યોઃ શ્રીગુસાંઈજીકૂં શ્રમ કાહેકૂં કરવાવેજી;
આપુહી એકાંત દેખિયે, સંદેહ તહાં સુનાયેજી. ૧૦૧
પાછે તો ભગવદ્-ઈચ્છાએ પડ્યો પૂછવો નાહિજી;
બાલકૃષ્ણ તો મેંહી પઢાયે, એમ બોલ્યા રસમાંહીજી. ૧૦૨

જન્માષ્ટમીનિર્ણય :-

શ્રીગુસાંઈજી મથુરામાં પધાર્યા એ જ સાલની (સં.૧૬૨૩) જન્માષ્ટમી પર એઓ શ્રીગોવર્ધન પધાર્યા હતા. એ સમયે અકબર પાદશાહના વજીર રાજા ટોડરમલ તથા બીરબલ બીજા ઘણા લોકો સાથે જન્માષ્ટમીનો ઉત્સવ કરવા પાદશાહની રજાથી મથુરા આવ્યા. એ વખતે પાદશાહ પણ મથુરામાં જ હતો. જન્માષ્ટમીને દિવસે પાદશાહ બીરબલને મુકામ પર ગયો તો ત્યાં એને પાન ચાવતો જોયો, તેથી પાદશાહે બીરબલને વ્રતને દિવસે પાન ખાવાનું કારણ પૂછ્યું ત્યારે બીરબલે કહ્યું કે અમે તો જન્માષ્ટમી કાલે કરી. એ સાંભળી પાદશાહે કહ્યું કે તમે તો શ્રીગુસાંઈજીના સેવક છો તો પછી એમ શા માટે જન્માષ્ટમી કાલે કરી? બીરબલે કહ્યું કે પંડિતે નિર્ણય કર્યો એ પ્રમાણે અમે જન્માષ્ટમી કાલે કરી. ત્યારે પાદશાહે શ્રીગુસાંઈજીના ઘરમાં એ જ દિવસે સર્વેએ ઉપવાસ કેમ કર્યો એનું કારણ પૂછ્યું. એના જવાબમાં બીરબલે જણાવ્યું કે પોતે વગર જાણ્યે કર્યો હશે.

આ પ્રમાણે સેવક છતાં વિમુખતા બતાવી આપી, પણ પાદશાહ ઉપરના ઉત્તરથી શાંત થયો નહિ. એણે કહ્યું કે શ્રીગુસાંઈજી ઈશ્વર હે, અરૂ શાસ્ત્ર પઢે હે, ઈનકે વહાં બિન સમજે આજે ઉત્સવ કેસે હોય? એ નિર્ણય કરવા આપણે એમને ત્યાં જઈએ, ત્યાં સભા કરી સર્વ મળીને નિર્ણય કરીએ. ત્યારે બીરબલે શ્રીગુસાંઈજીને ત્યાં જ બોલાવવા કહ્યું અને કારણમાં જણાવ્યું કે 'સંન્યાસી પ્રબોધ સરસ્વતી તો ઉહાં ન આવે કહબુજી'. આ સાંભળી રાજા ટોડરમલ આસ્તિકભાવથી બોલ્યા કે 'વે ઉનકે ઘર જાયે નહિ તો વે ઉનકે ક્યોં આવેજી?' તેથી પાદશાહે ત્રીજે ઠેકાણે કમલાકર ભટ્ટને ત્યાં સભા કરી. ત્યાં સર્વ પંડિતોને બોલાવ્યા તથા શ્રીગુસાંઈજીને ત્યાં પણ એક માણસ મોકલ્યો ને કહેવડાવ્યું કે જન્માષ્ટમી નિર્ણયની સભા કરી છે માટે પધારો. માણસ બોલાવવા આવ્યો એટલે શ્રીગોકુલેશ પ્રભુએ વિચાર્યું કે વડીલભાઈની આજ્ઞા સિવાય જવાય નહિ, તેથી દામોદરદાસ વડનગરના મોટા પંડિત બ્રાહ્મણ હતા અને પાછીથી પ્રતાપ જોઈ શ્રીગુસાંઈજીના શરણે થયા હતા.

એમને સાથે લઈ શ્રીગિરિધરજી પાસે ગયા ને એમને સર્વ હકીકત કહી સંભળાવી, ત્યારે શ્રીગિરિધરજીએ શ્રીગોકુલેશ પ્રભુને કહ્યુંઃ શ્રીગુસાંઈજી તો ઘેર નથી, તમારો શો વિચાર છે? ત્યારે શ્રીગોકુલેશ પ્રભુએ કહ્યુંઃ સભા થઈ છે માટે જવું તો જોઈએ, તેથી શ્રીગિરિધરજી તથા શ્રીગોકુલેશ પ્રભુ દામોદરદાસને સાથે લઈ સભામાં ગયા. ત્યાં રાજાએ સભા સહિત ઊભા થઈ સન્માન કર્યું અને પછી સભા ભરવાનું કારણ કહી સંભળાવ્યું. સભા ભરાતાં પ્રબોધ સરસ્વતી અને શ્રીગિરિધરજી તથા શ્રીગોકુલેશ પ્રભુ વતી એમના સેવક દામોદરદાસ વચ્ચે નીચે પ્રમાણે વાદ થયો.

..ક્રમશઃ

સંયોજનઃ- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઇજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું બાવીસમાં નામ **वल्लभाख्यः**[२२] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ વલ્લભાખ્ય આ નામની પ્રતીતિ થાય છે. **कुपिताद् भक्तवत्सलः (१०.२५.१३), नहि मद्भावयुक्तानां सुराणां इशविस्मयः (१०.२५.१७), खं व्यभ्रं उदितादित्यम् (१०.२५.२५).**

શ્રીગુસાંઈજી પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો. આપશ્રી અલૌકિક અગ્નિ સ્વરૂપ છે, તેથી શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીનું બાવીસમું નામ **वल्लभाख्यः**[२२] પ્રગટ કર્યું.

જેમ લૌકિક અગ્નિના તેજમાં વધારો-ઘટાડો થાય છે. તો તેથી શીયાળામાં સુખરૂપ લાગે છે પણ ઉનાળામાં સહન થતી નથી. પરંતુ શ્રીમહાપ્રભુજી તો અલૌકિક અગ્નિરૂપ, શ્રીપૂર્ણપુરુષોત્તમના મુખારવિન્દરૂપ, આનંદરૂપ છે, તેથી હંમેશા પ્રિય છે, ક્યારેય અપ્રિય નથી. આપ અલૌકિક અગ્નિરૂપ હોવા છતાં પણ હંમેશા પ્રિય થાય છે, આ બતાવવા માટે આ બાવીસમું નામ શ્રીગુસાંઈજીએ પ્રગટ કર્યું.

હવે કોઇ એવી શંકા કરે કે લોકમાં જે પ્રિય પદાર્થ છે તે ક્યારેય કોઇ નિમિત્તે અપ્રિય થાય છે. તો આવી શંકા આપ કેવી રીતે દૂર કરશો ? તો જ્યારે આ પ્રકારની શંકા થાય ત્યારે શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના ત્રેવીસમું નામ પ્રગટ કરવા પ્રેરિત થાય છે અને આપશ્રી આ ત્રેવીસમું નામ શ્રીમહાપ્રભુજીનું પ્રગટ કરે **सद्रूपो**[२३] છે.

वैश्वानरो[२१] वल्लभाख्यः[२२] सद्रूपो[२३] हितकृत्-सताम्[२४] ।।
जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्[२५] निखिलेष्टदः[२६] ।। १२ ।।

ભાવાર્થ :- [૨૧]શ્રીમહાપ્રભુજી આપ વૈશ્વાનર (અલૌકિક અગ્નિરૂપ) છો, [૨૨]ભક્તોને પ્રિય છો, [૨૩]સત્ અર્થાત્ સુંદર સ્વરૂપવાળા છો, [૨૪]સર્વે ભક્તોના હિત કરવાવાળા છો, આપ સ્વયં સેવા કરી જન શિક્ષાર્થે શ્રીકૃષ્ણની ભક્તિ કરે છે, [૨૫]સકલ ઈષ્ટ-વાંછિત દેવાવાળા છે.

सद्रूपो[२३]:- આપશ્રી (શ્રીમહાપ્રભુજી) સત્ અર્થાત્ સુંદર સ્વરૂપવાળા છો.

રાગ : દેવગંધાર

'સદ્રૂપ' શ્રીવલ્લભ ! નામ તિહારૌ ।
કરિ કરુના કરુનાનિધાન પ્રભુ અપની પ્રતિજ્ઞા આપુ પ્રતિપારૌ ।। ૧ ।।
તિહારે ચરનકમલ આશ્રય બિન ભય ઉપજત હૈ ભારૌ ।
સેવા કથા બિના મોહિ લાગત વિષસમ સબ સંસારૌ ।। ૨ ।।

ચિતમેં ચિન્તન કરત અહર્નિસિ કટત કોટિ જંજારૌ ।
'શ્રીવલ્લભ-વલ્લભ' કરિ 'ગોવિન્દ' મન વચન ક્રમ નિરધારૌ ।। ૩ ।।

શ્રીમહાપ્રભુજી, સત્ અર્થાત્ સુંદર સ્વરૂપવાળા **સદ્રૂપો**[૨૩] છો.

મૂળ ટીકાનો ભાવાર્થ :- લોકમાં સદા પ્રિય પદાર્થ હોય તે પણ કોઈક કારણથી કોઈક સમયે અપ્રિય પણ જણાય છે, તેમ ચાલુ વિષયમાં પણ કોઈક સમયે કારણને લીધે તેનું (અપ્રિયપણું) થશે, એવી શંકા દૂર કરવા સદ્રૂપ એ (નામ) કહેલું છે. આનો અર્થ નીચે પ્રમાણે છે. વસ્તુનો વિચાર કરતાં સુખ જ પોતાથી જ પ્રિય હોય છે, પરંતુ બીજું કાંઇ (તેવું) હોતું નથી. બીજું જે પ્રિય હોય છે તે સુખ કરાવનારૂં હોવાથી, પરંતુ સુખરૂપથી નહિ. લૌકિક પદાર્થો પ્રકૃતિના સંબંધવાળા હોવાથી પોતાથી સુખરૂપ નથી, તેથી અમુક સમયે સુખનાં કારણરૂપ તરીકે તેઓ પ્રિય થાય છે, પરંતુ સુકરૂપ તરીકે સદા પ્રિય જ હોતા નથી. આચાર્યશ્રી તો પુરુષોત્તમના મુખરૂપે હોઈ આનંદરૂપ હોવાથી સ્વભાવથી તે જ પ્રિય હોવાથી, લૌકિક પદાર્થની જેમ તે પ્રિય(પણા) ના કારણરૂપ છે, એવી શંકા દૂર કરવા સદ્રૂપ એ (નામ) કહેલું છે. સદ્રૂપ શબ્દથી માત્ર હોવાપણું જ કહેલું નથી. પરંતુ ઉપલક્ષણથી સચ્ચિદાનંદરૂપપણું કહેલું છે. તેથી અહિં લૌકિક પૂર્વપક્ષ માટે તક જ સંભવતી નથી. આ બધું હૃદયમાં રાખીને સદ્રૂપ એ નામ કહેલું છે.

સરળ સમજૂતિ :- આપશ્રી સત્ અર્થાત્ સુંદર સ્વરૂપવાળા છે. સચ્ચિદાનંદ સ્વરૂપવાળા ભગવાનનું 'સત્' સ્વરૂપ પણ આપ છે. આપનો વિગ્રહ એટલે દૃશ્યમાન દેહ લૌકિક પંચભૂતોથી બનેલો નથી. પરંતુ સત્ અર્થાત્ અલૌકિક પંચભૂતોનો છે. લૌકિક પંચભૂત કાર્યરૂપ હોય છે. જ્યારે અલૌકિક પંચભૂત કારણરૂપ હોય. તો શ્રીઆચાર્યશ્રીનું આ સત્રૂપ, કારણરૂપ-અલૌકિક અને નિત્ય છે. આવું સન્મનુષ્યાકૃતિ રૂપ; શ્રીઆચાર્યજીનું સ્વરૂપ છે.

આ ત્રણેય નામો વૈશ્વાનર, વલ્લભાખ્ય અને સદ્રૂપની પરસ્પર સંગતિ છે. આ નામો આપનું સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રગટ કરે છે. વૈશ્વાનરથી ચિત્-સ્વરૂપ; વલ્લભાખ્યથી આનંદ સ્વરૂપ અને સદ્રૂપ તો સત્ સ્વરૂપ છે જ.

શ્રીમહાપ્રભુજી,આપશ્રી [૨૩]સત્ અર્થાત્ સુંદર સ્વરૂપવાળા સદ્રૂપો[૨૩] છો.

ક્રમશઃ

સંયોજનઃ- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાકસુધામાંથી સાભાર

–: ચરણનું શરણ :-

શ્રીગોકુલેશજીને પંચોળીજીએ પૂછ્યું કે, 'મહારાજ! લક્ષ્મીજી તો શ્રીઠાકોરજીને હૃદયે વસે છે, શ્રીઠાકોરજીના ચરણારવિંદની ઈચ્છા કેમ કરે છે ? ત્યારે આપશ્રીએ શ્રીમુખે બોલ્યા કે લક્ષ્મી ચૌદ લોકમાં છે, પણ ત્યાં એક કણિકા માત્ર છે. તેનું સર્વ સ્વરૂપ તો પ્રભુના હૃદયમાં રહે છે, ક્યાંય જતું નથી. વળી લક્ષ્મીજીને બહુ ડર રહે છે કે રખેને કોઈ શ્રીઠકોરજી પાસે આવીને માંગે કે મને સદા સર્વદા લક્ષ્મીજી આપો. તો શ્રીપુરુષોત્તમ તો ઉદાર છે, કંઈ પણ વસ્તુ પોતાની જણાતા નથી, તેથી લક્ષ્મીજીને તરત આપી દે. તે ભયથી લક્ષ્મીજી ચરણારવિંદની ઈચ્છા કરે છે. કારણકે ચરણારવિંદનો આશ્રય કરે છે તેને પ્રભુ છોડતા નથી. માટે લક્ષ્મીજી ચરણારવિંદમાં ચિત્ત રાખે છે. સુદામાના બે ફાકા તાંદુલ આરોગી સર્વ પ્રકારના વૈભવ અને અલૌકિકતા પ્રભુએ આપી.....જે ભગવદીયો શ્રીઠાકોરજીના ચરણકમળનો આશ્રય રાખે છે, તે સદા નિર્ભય બની રહે છે. પ્રભુના ચરણમાં શિર ધર્યા પછી બીક કેવી ?

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૩. ઉત્તમ વૈષ્ણવના લક્ષણ.

અબ ઓર હું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટજી પ્રતિ આજ્ઞા કરત હેઃ તીસરો લક્ષણ કહેત હે જો, ૧. વૈષ્ણવકો સદા પ્રસન્ન રહેનો; ૨. દુઃખ - સુખ એક બરાબર જાનનો; ૩. સુખતે હર્ષ ઉન્મત્ત ન હોય; ૪. વૈષ્ણવસો દૈન્ય હોય-પ્રીતિ રાખે; ૫. અહર્નિશ શ્રીજીકો ધ્યાન રાખે; ૬. દ્રવ્યાદિક સુમાર્ગે-ગુરુસેવા, ભગવદ્સેવા વૈષ્ણવ સેવામેં ઉઠાવે, અપને શરીર ભોગાર્થ ન કરે; ૭. લૌકિક-વૈદિકમેં આવશ્યક હોય તો સંકોચ સહિત પ્રભુનકો દિખાય આજ્ઞા લે ખરચનો; ૮. વૈષ્ણવ પાસ માન-લાજ છોડિકે જાય, ઓર નિશંક હોય કે ભગવદ્ વાર્તા કરે. જ્યાં ભગવદ્ વાર્તાતેં સંકોચ હોય તહાં ભગવદ્ ધર્મ ન બઢે, સંદેહ રહે તાતે સંદેહ નિવર્ત હોય તહાં પ્રીતિ બઢે-જ્ઞાન હોય; ૯ . દેહ અપની અનિત્ય કરી જાને, તબ મદ ન હોય; ૧૦. કાહુકો બુરો ન કરે; ૧૧. દુખમેં ધીરજ ધરે-તાકો ઉત્તમ વૈષ્ણવ જાનનો. યહ તીસરો પ્રસંગ. ૩

।। ઇતિ શ્રીગોકુલનાથજી કૃત તીસરો વચનામૃત સંપૂર્ણમ્ ।।

શ્રીધોલ પદ

ચાલોજી રસભરી સુંદરી

ચાલોજી રસભરી સુંદરી, જઈ જોઈએ વલ્લભજી ;
અગમ-નિગમ જાણે નહિ, એવા છે રે દુર્લભજી. ૧
કંદર્પકોટિ લાવણ્ય કહીયે, માયાવાદ ખંડનજી ;
ગુણનિધિ શ્રીગોકુલનાથજી, એમની શોભા સુંદરજી.૨
વ્રજસુંદરીનો વાલમો, શ્રીવિઠ્ઠલસુત કહીયે ;
તેજે ત્રિભુવન મોહી રહ્યા, એઉને જોવાને જઈએ. ૩
બાળખેલલીલા કરે, શ્રીરુકમિણીજી લાડ લડાવે ;
સર્વસ ધન તે પોતા તણું, હરખે હુલરાવે. ૪
શ્રીગોકુલ ગામ સોહામણાં, જ્યાં શ્રીજી પધાર્યા ;
ભક્તને મન આનંદ ઘણો, ત્રણ લોક ઉવાર્યા. ૫
અંગોઅંગની શોભા શી કહું, કરણ મુક્તાફલ ;
નેનબાણ મૂકે ઘણાં, નયણાં છે રે નિરમલ. ૬
વદન સકોમલ રસભર્યા, એવા છો રે બિહારી ;
નારાયણ રૂપ ગુણની, જાય બલિહારી. ૭

સ્વરૂપનિષ્ઠા

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

ગોકુલદાસ નાગર અને વેણીદાસ નાગર

ગોકુલદાસ અને વેણીદાસ બન્ને ભાઈ હતા અને વડોદરાના નાગર બ્રાહ્મણ હતા. શ્રીગોકુલેશ પ્રભુમાં પરમ નિષ્ઠાવાન અને સ્વરૂપાસક્ત ભગવદીય હતા. તેઓ બન્ને કાવ્યસાહિત્યમાં પણ નિપુણ હતા. આ બન્ને ભાઈ વિશે પરમકૃપાપાત્ર ગોકુલભાઈજીએ શ્રીસ્વરૂપાનુભવોત્સવ ગ્રંથના ૭૩માં માંગલ્યમાં પરિચય આપે છે.

આ ગોકુલદાસ નાગરે નિત્ય ચિત્ર અને વેણીદાસ નાગરે શ્રીગોકુલગોવર્ધન ગમનાગમન નામે ગ્રંથ રચ્યા છે. વળી ગોકુલદાસે મિશ્રભાષામાં શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપ વર્ણન કરતું સુંદર અષ્ટક મંદિરં સુંદરં પણ રચ્યું છે. તદ્દુપરાંત જન્મોત્સવ લીલાવર્ણન, પ્રાગટ્ય રસોત્સવ ચરિત્ર, શ્રીગોકુલેશ પ્રભુની પાલખીનું વર્ણન વગેરે નાના-મોટા ગ્રંથ પ્રગટ કર્યા છે. આ પ્રમાણે આ બન્ને ભાઈઓએ વિવિધ ધોળ-પદ વગેરે રચી, શ્રીગોકુલેશ પ્રભુના યશનો વિસ્તાર કર્યો છે. શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય ભાવવાળા વૈષ્ણવ સમાજનું ભાવસિંચન કરવા આ પ્રકારે આ બન્ને ભાઈઓએ ખૂબ પ્રયત્ન કર્યો હતો.

આ બન્ને ભાઈઓ શ્રીગોકુલેશ પ્રભુના કૃપાપાત્ર અનન્ય અંતરંગ ભગવદીયો હતા. તેમનો ભાવ અનિર્વચનીય છે.

વાસણ મહેતા

આ વાસણ મહેતા શ્રીગુસાંઈજી પ્રભુચરણના સેવક અને લુણાવાડામાં રાજ્યના દીવાન હતા. સાત્ત્વિક પ્રકૃતિના અને નિષ્ઠાવાન વૈષ્ણવ હતા. શ્રીગોકુલેશ પ્રભુમાં સ્વરૂપાસક્ત થવાથી, સહકુટુંબ સહિત ગોકુલ આવી શ્રીગોકુલેશ પ્રભુ નિકટ તેમણે સ્થાયીવાસ કર્યો હતો. તેમના પુત્રનું નામ ગોકુલદાસ અને ગોકુલદાસની પત્નીનું નામ કનકાદે હતું. તેમના આ પુત્ર અને પુત્રવધું બન્ને પણ શ્રીગોકુલેશ પ્રભુમાં એવા સ્વરૂપાસક્ત હતાં કે શ્રીગોકુલેશ પ્રભુના નિત્યલીલામાં પધાર્યાના સમાચાર સાંભળતાં જ પ્રભુ સાથે સહગમન કર્યું હતું. (જુઓ ૭૮ ભગવદીય વાર્તા ક્રમાંક ૧૭)

ગોકુલદાસના પુત્રનું નામ મોરાર મહેતા હતું. તેઓ પણ શ્રીગોકુલેશ પ્રભુની સેવામાં સદા અનુરક્ત હતા અને શ્રીઅંગની સેવા કરતા હતા. શ્રીગોકુલેશ પ્રભુ બડી સજ્યાએ પોઢે ત્યારે નિકટ બેસી શ્રીઅંગે તેલ લગાવતા અને શ્રીગોકુલેશ પ્રભુ સાથે વાર્તાપ્રસંગ-પ્રશ્નોત્તરી કરતા હતા. તેઓ જે કંઈ પૂછતા તેનું શ્રીગોકુલેશ પ્રભુ કૃપા કરી સમાધાન કરતા હતા. શ્રીગોકુલેશ પ્રભુ તેમના ઉપર સદા પ્રસન્ન રહેતા હતા. આ પ્રકારે શ્રીગોકુલેશ પ્રભુચરણે ખૂબજ અનુગ્રહ કરી વાસણ મહેતાના સમગ્ર પરિવારની સેવા અંગીકાર કરી હતી.આવા ભાગ્યવાન ભગવદીયના ભાગ્ય અને ભાવનું વર્ણન કરી શકાય એમ નથી.

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

પુષ્ટિમાર્ગીય શિક્ષા

ગોધરા નિવાસી મોટાભાઇ (વજેરામભાઇ) વિરચિત

...ગતાંકથી આગળ

ત્યારે પ્રભુ ઇચ્છા થકી, કરવા કર્યા અનૂપ;
પ્રગટ્યા પોતે મહાપ્રભુ, શ્રીવલ્લભનું રૂપ. ૮
પ્રૌઢ પ્રતાપે પ્રગટિયા, કીધા ગૂઢ વિચાર;
કીધો દૈવી સૃષ્ટિ પર, મહા મોટો ઉપકાર. ૯
નિરાકાર પાખંડ મત, ખંડન માયાવાદ;
પુષ્ટિપંથ સાકાર મત, પુષ્ટ કર્યો નિજવાદ. ૧૦
શ્રુતિ-સ્મૃતિની સંમત્તિ, બાંધ્યા પ્રબલ પ્રબંધ;
જે મતને નવ કરી શકે, બીજા મત પ્રતિબંધ. ૧૧

આવે સમયે દૈવી જીવોના ઉદ્ધારનું કાર્ય સિદ્ધ કરવાની ભગવાનને ઈચ્છા થઇ અને પોતે શ્રીવલ્લભ પ્રભુનું રૂપ ધરીને ભૂતલ પર પ્રગટ થયા. પ્રૌઢ પ્રતાપી શ્રીવલ્લભે વેદાદિનો ગૂઢ વિચારણાઓ કરીને આ સર્વ શ્રેષ્ઠ માર્ગ પ્રગટ કર્યો. દૈવી સૃષ્ટિ ઉપર આપશ્રીનો આ મહાન્ ઉપકાર છે. માયાવાદ આદિ ખંડન મતોનું ખંડન કર્યું. બ્રહ્મને નિરાકાર માનનારાઓના મતનો નિરાસ કરીને, પોતાના બ્રહ્મ વાદથી સાકાર બ્રહ્મને સ્વીકારતાં, પુષ્ટિપથને પુષ્ટ કર્યો. વેદ શાસ્ત્રોનાં સચોટ પ્રમાણોથી એવા સિદ્ધાંતો સ્થાપિત કર્યા કે જેને બીજા કોઇ મત વાળાઓ તોડી શકે નહિ. ૮-૧૧

મારગનો સિદ્ધાંત જે, પુરૂષોત્તમની ભક્તિ;
તે પણ પાખંડે રહિત, પોષી પ્રેમ આસક્તિ. ૧૨
જે સ્વરૂપ-સેવા વિષે, અતિ આદર બહુ ભાવ;
નિજજનનો સેવા વિષે, અતિશય કર્યો દઢાવ. ૧૩

ઉપર પ્રમાણે પાયો નાખીને તેના પર શ્રીપુરુષોત્તમની પ્રેમલક્ષણા ભક્તિરૂપી ઈમારત ચણી. એમાં કોઇ દંભ આચરવાનો હતો જ નહિ. કેમકે વેદ શાસ્ત્રોના સીધા શુદ્ધ અર્થ કરતાં જ તે નિષ્પન્ન થઇ. અને પછી પોતાના નિજજનો-શરણે આવેલા હજારો દૈવી જીવો ઉપર કૃપા કરી. પ્રભુની સ્વરૂપ-સેવા વિષે એમના અંતરમાં ખૂબ આદર ભાવ ઉપજાવ્યો, એમના ભાવને અતિ દઢ કર્યો. વિશેષમાં :- અહીં વાર્તાનું અનુસંધાન કરી શકાય : અનેક શાસ્ત્રોના અધ્યયનને લીધે, જેમનું મન જ્ઞાનમાર્ગ તરફ વિશેષ હતું તેવા પ્રખર પંડિત પદ્મનાભદાસજીને ચમત્કાર બતાવીને પણ શ્રીમથુરેશ પ્રભુની સ્વરૂપ સેવામાં આસક્ત કર્યા હતા. બીજા પણ અનેક જીવોને રસરૂપ સાકાર પુરુષોત્તમની સેવાને માર્ગે દોર્યા. ૧૨-૧૩

શરણાગત જે જન થયા, હિત કર પામ્યા પાર;

સેવા અધિકારી કર્યા, સકલ શૂદ્ર નર નાર. ૧૪

પુરુષોત્તમ અવતાર છે, શ્રીમદ્ વિઠ્ઠલનાથ;

પુષ્ટિભક્તિનું દાન છે, શ્રીવલ્લભ સુતને હાથ. ૧૫

અને એ શરણાગત જીવોનું સાચું હિત સિદ્ધ કર્યું. પ્રભુના લીલા ધામની પ્રાપ્તિ કરાવી તેમને પાર ઉતાર્યા. ઉચ્ચ વર્ણોને તો સેવાધિકાર આપ્યો પણ શૂદ્રો અને સ્ત્રીઓને પણ સેવાનાં અધિકારી બનાવ્યાં; જેમના ઉદ્ધાર માટે વેદ-શાસ્ત્રો પણ તૈયાર ન હતાં. પ્રભુચરણ શ્રીગુસાંઈજી પણ પૂર્ણ પુરુષોત્તમનું જ પ્રાગટ્ય છે. જીવોને પુષ્ટિ ભક્તિનું દાન કરવાનું એમના હાથમાં છે. ૧૪-૧૫

ગૂઢ ભાવ જે ભક્તિના, સેવા વિવિધ વિલાસ;

પોતે પોતાની કરી, તે શિખવી નિજ દાસ. ૧૬

પહેલાં સાધન બહુ હતાં, જ્ઞાન માર્ગ તપ યોગ;

કરતા સર્વસકામ મતિ, સુખ સંપત્તિ ઉપયોગ. ૧૭

ભક્તિના ગૂઢ ભાવોને એ પોતે જાણે છે. વિવિધ વૈભવવાળી પ્રભુની સેવા-ભોગ રાગ શ્રૃંગારથી પ્રભુને રીઝવવાની સેવા-તે શ્રીગુસાંઈજીએ પોતે કરી અને નિજજનોને શીખવી. વિશેષ :- આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદઢ કીધો...(વલ્લભાખ્યાન). સેવા કરનાર શ્રીગુસાંઈજી અને તે સ્વીકારનાર શ્રીનાથજી, બન્ને એક જ સ્વરૂપ છે. પરંતુ જીવોને શીખવવા માટે સેવા કરી. અહીં છિત્ત સ્વામીનો અનુભવ પણ પ્રમાણરૂપ છે.

છિત્તસ્વામી ગિરિધરણ શ્રીવિઠ્ઠલ, તેઈ એઈ, એઈ તેઈ કછુ ન સંદેહ.

શ્રીગુસાંઈજીએ પણ જીવોનો ભક્તિમાં પ્રવેશ કરાવ્યો, અગાઉના સમયમાં જીવો અનેક માર્ગોમાં પ્રવૃત્ત હતાઃ કર્મ, જ્ઞાન, ઉપાસના, તપ, યોગ, વિગેરે. તુચ્છ લૌકિક સુખો મેળવવા માટે લોકો સકામ બુદ્ધિથી કર્મ કરતા; તપ આચરતા ને યોગ સાધતા. ૧૬-૧૭

ફલ શ્રુતિના કહ્યા થકી, બાંધ્યા કોટિક કામ;

કહ્યાં કર્મ કરતા નહિ, નિરપેક્ષ નિષ્કામ. ૧૮

જ્યારે દૈવી સૃષ્ટિમાં, વ્યાપ્યો આસુરાવેશ;

જીવ બહિર્મુખને કર્યો, ભક્તિ તણો ઉપદેશ. ૧૯

દઢ કરી પોષી સર્વ ચિત્ત, પ્રેમ પુષ્ટિની રીત;

પ્રભુના સેવ્ય સ્વરૂપમાં, પુરુષોત્તમ પ્રતિત. ૨૦

શાસ્ત્રોમાં દરેક બાબતનું ફળ બતાવેલું હોય છે તે જાણીને, મનમાં અનેક કામનાઓ રાખીને, લોકોએ સાધનો કરતા. ખરેખરતો નિષ્કામ ભાવે, લૌકિક કામના પણ એવા નિરપેક્ષ ભાવથી કરતા ન હતા. દૈવી સૃષ્ટિ પણ આસુરીના સંગથી આસુરાવેશથી બની ગઇ હતી. દૈવી જીવો પ્રભુથી બહિર્મુખ થયા હતા ત્યારે શ્રીવિઠ્ઠલેશ પ્રભુ (શ્રીગુસાંઈજીએ) જીવોને નિષ્કામ ભક્તિનો ઉપદેશ કર્યો. એટલુ જ નહિ, કૃપા દ્વારા એમના હૃદયમાં એ પ્રેમલક્ષણા પુષ્ટિ-ભક્તિને દઢ

સ્થાપી. સેવાની રીતિ પણ એવી બતાવી કે જેથી નિષ્કામ ભક્તિભાવનું જ પોષણ થાય. પોતે નિજજનોને એવો અનુભવ કરાવ્યો કે સેવ્ય સ્વરૂપ એ જ સાક્ષાત્ પુરુષોત્તમ છે (નિબંધના પ્રકાશમાં આજ આજ્ઞા શ્રીમહાપ્રભુજી કરે છે). કોઇ મૂર્તિ કે ચિત્ર નથી. તે સ્વયં સેવાનો અંગીકાર કરે છે એવી પ્રતીતિ કરાવી. પ્રભુનો સાનુભાવ કરાવ્યો. ૧૮-૨૦

અન્યાશ્રય અળગા કર્યા, વાર્યા જીવ સકામ;

સકામ ક્રિયા નિષ્કામ મતિ, કૃષ્ણચરણ વિશ્રામ. ૨૧

શ્રીકૃષ્ણમાં અનન્ય પ્રેમ સિદ્ધ થવા માટે અન્યાશ્રય છોડાવવાનું અનિવાર્ય હતું, તે પણ પોતે છોડાવ્યા. શુદ્ધ પ્રેમ નિષ્કામ હોવો જોઇએ, એટલે સેવા સ્વાર્થ રહિત, પ્રભુનું જ સુખ વિચારીને કરવાનું પોતે શીખવ્યું. આશ્રય પણ શ્રીકૃષ્ણનાં જ ચરણનો દૃઢ કરાવ્યો. ૨૧

સુત શ્રીવિઠ્ઠલનાથના, સાત ભક્તિ વિખ્યાત;

જેણે પોષ્યો ભુવિ વિષે, પ્રબલ પંથ નિજ તાત. ૨૨

શ્રીગિરિધર ગિરિધર પ્રિયે, ગુણ નિધિ શ્રીગોવિંદ;

શ્રીબાલકૃષ્ણ મુખચંદ્રમાં, શ્રીગોકુલેશ જગવંદ. ૨૩

શ્રીરઘુનાથ અગાધ ગતિ, સમર્થ શ્રીયદુનાથ;

શ્રીઘનશ્યામ પ્રતાપથી, નિજજન થયા સનાથ. ૨૪

કુલ સત્કુલ વલ્લભ તણું, જાણો કારણ રૂપ;

પુષ્ટિમાર્ગ દૃઢ રાખવા, પ્રગટ્યાં સુભગ સ્વરૂપ. ૨૫

ભેદ ગુરુ-ગોવિંદમાં, લેશ ન ધરવો ચિત્ત;

ગુરુથી ગોવિંદ પામીએ, તે સમજો તો હિત. ૨૬

આવા સમર્થ શ્રીવિઠ્ઠલેશના સાત પુત્ર એવા થયા કે જેમણે પુષ્ટિભક્તિને પ્રસિદ્ધ કરી. પોતાના તાતચરણોના સ્થાપેલા સબળ પંથને પોષણ આપીને તેનો વિકાસ ક્રમ ચાલુ રાખ્યો. શ્રીગિરિધરજી શ્રીગોવર્ધનધરને વ્હાલા થયા. શ્રીગોવિંદરાયજી ગુણોના ભંડાર; શ્રીબાલકૃષ્ણજી ચંદ્ર સમા વદનવાળા (અતિ સુંદર) અને શ્રીગોકુલેશ જગતમાં વંદનીય બન્યા. શ્રીરઘુનાથજીની ગતિ અગાધ હતી; શ્રીયદુનાથજી ઘણા સમર્થ થયા; શ્રી ઘનશ્યામજી પ્રતાપી થયા. નિજ સેવકોને પોતે સનાથ કર્યા. ૨૨-૨૪

એટલું જ નહિ સમસ્ત વલ્લભકુલ સત્કુલ છે. પુષ્ટિમાર્ગને દૃઢ રાખવા માટે સૌ બાલકો સુભગ સ્વરૂપે પ્રગટ થતા રહે છે. એમના પ્રાગટ્યનો હેતુ કેવલ આ જ છેઃ પુષ્ટિમાર્ગનો વિસ્તાર. ગુરુ અને ગોવિંદમાં લેશ પણ જુદાપણું સમજશો નહિ. ગુરુ જ ગોવિંદને પ્રાપ્ત કરાવે છે. આટલી સાદી વાત સમજી લેશો તો તમારૂં હિત જ થશે. ૨૫-૨૬

...ક્રમશઃ

ગ્રંથકર્તા ગોધરાનિવાસી વજેરામભાઇ (મોટા ભાઇ)

મનપ્રબોધ

વ્યારાવાળા ગોપાલદાસભાઇ વિરચિત

...ગતાંકથી આગળ

ગતાંક સુધી આપણે ૧૩ દોહા વડે ગ્રંથ રચવાનું પ્રયોજન અને ઉપયોગિતાનો વિચાર કરીને હવે કવિત્ત દ્વારા ગ્રંથનો આરંભ છે કે :

ગુનીગન જ્ઞાની કવિ પંડિત વિચારી દેખો
સુનો સીખ મેરી મેરો વચન નિદાન હે।
ગોકુલકે નાથ ગુનનાથ જો સુને પ્રસિદ્ધ,
જાકી આદિ મધ્ય સિદ્ધ સદા એક હી બાન હે।
આદિ હૂંતે આદિ અનાદિ જાસોં કહિયત હે
સોઇ યહ સ્વરૂપ ઉપમા ન કોઉ આન હે।
ઉપમા અભૂત અદ્‌ભૂત કો ભાવી ભૂત,
કાહૂ સમયે ન કો ઇનકે સમાન હે ।। ૧ ।।

ગુણવાન, જ્ઞાની પંડિત સમસ્ત મારી કહેણી પર વિચાર કરી જુઓ. મારી શિખામણ સાંભળો. શ્રીગોકુલના નાથનાં અલૌકિક ગુણોનું જાહેરમાં શ્રવણ કરે અર્થાત્ નિર્ભય થઇને સાંભળે એ સ્વરૂપની આદિ એટલે પહેલા અને મધ્ય એટલે અત્યારે પણ એક જ પ્રકારની વાણી છે. આદિથી પણ આદિ એટલે અનાદિ જેને કહેવાય. વેદાદિમાં જેને અનાદિ કહેલ છે એ જ મૂળ સ્વરૂપ શ્રીગોકુલેશજીનું છે. તેમનું સ્વરૂપ કોઇ ઉપમા દઇ શકાય તેવું નથી અતુલ છે, અને બીજું કોઇ એવું સ્વરૂપ નથી જેને આ સ્વરૂપની ઉપમા દઇ શકાય. જેમ શ્રીગુસાંઈજીએ શ્રીસ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃતમાં આજ્ઞા કરે છે- **શ્રીમદ્વલ્લભનામધેય-સદૃશો ભાવી ન ભૂતોઽસ્ત્યપિ ।। ૫ ।।**! શ્રીવલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજી જેવું સ્વરૂપ ભૂતકાળમાં પણ થશે નહિં. એમ અહીં શ્રીગોપાલદાસભાઇ સ્વરૂપરસની અનુભૂતિ કરતાં કહે છે કે આવું સ્વરૂપ ભૂત ભવિષ્ય અને વર્તમાનમાં બીજું નથી.

જ્યાં સુધી પોતાના સ્વામીનું સ્વરૂપ અતુલ્ય છે, એવી પ્રતીતિ ન થાય ત્યાં સુધી અન્ય સંબંધ છૂટતો નથી. અન્ય સંબંધ છૂટે ત્યારે જ આ પ્રકારના સ્વરૂપની સુરતિ (યાદ) મનની અંદર થાય છે.

સ્વરૂપ ગોકુલેશકો યથારથ જાન્યો અરુ
આન્યો ઉરમાં જ મન બચ કર્મ કરિકેં;
પ્રણય સહિત રસભાવ પરમાવધિ,
સ્વરૂપરસપાન કીયો નૈન- ભરિ ભરિકેં;

સોઇ મેરે મહદ્ મહારસકે જાન સોઇ,
વાકે ચરણારવિંદ રાખું ઉર ધરિકેં ।
વાહીસોં અલાપ અરૂ મિલાપ મેરો વાહીસોં,
એસી મતિ મેરી વાકે પદ અનુસરિકેં ।। ૨ ।।

શ્રીગોકુલેશનાં યથાર્થ સ્વરૂપને જેણે જાણ્યું તથા હૃદયમાં મન, વચન અને કર્મથી જે સ્વરૂપનું તેમના અલૌકિક સૌંદર્યનું જેમણે પોતાના નયનોથી ધરાઇને પાન કર્યું છે એવા મહદ્‌ભક્તોનું અનુસરણ તથા તેમનાં ચરણકમલ મારા ઉરમાં ધારણ કરું છું. એ ભક્તો કેવલ દર્શને જ નથી કરતાં પરંતુ પ્રણય સહિત પરમાવધિ રસનું પાન કરે છે. એવા મહદ્‌ભક્તને અનુસરવાથી જ પ્રભુમાં અનન્ય નિષ્ઠા થઇ છે અને થાય છે. ધર્મ સહિત ધર્મી સ્વરૂપ કરતાં કેવલ ધર્મી સ્વરૂપનું ભાન થવું એ યથાર્થ સ્વરૂપનો અનુભવ કહેવાય. અલૌકિક નાયક શ્રીગોકુલપતિના હૃદયમાં સ્ત્રીભાવના શ્રૃંગાર વડે પ્રણયાવલોકન એ તો ઇન્દ્રિયવાનોનું પરમ ફલ છે.

એમ શ્રીવેણુગીતની સુબોધિનીમાં શ્રીમહાપ્રભુજી પ્રતિપાદન કરે છે. મનસા-વચસા-કર્મણા એ સ્વરૂપનું અનુસરણ કરવું એ મહદ્‌ભક્તનો અલૌકિક ધર્મ છે. મન એમનું જ ચિંતન કરે, ક્રિયા એમને માટે જ કરે, વાણીથી એ મનન જ દિવ્ય સ્વરૂપ અને લીલાનું કીર્તન-ગાન કરે. આવા પરમ ભાગ્યવાન ભક્તોની કૃપાથી જ આપણી ગતિ, મતિ અને રતિ થાય. મોહનભાઇજી, બહેનજીરાજ જેવા પરમ કૃપાપાત્ર ભગવદીયો દ્વારા ભૂતલપર આ રસમાર્ગના અધિકારી જીવોને એ માર્ગના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય એ માટે જ બળ આપ્યું, સમજ આપી. જેમ નવરત્ન ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે : **निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर् जनैः ।** શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આપણું સર્વસ્વનું નિવેદન પ્રભુને કર્યું છે એ વાતનું સ્મરણ ક્યારેય પણ મનથી દૂર ન થવું જોઇએ, આ સ્મરણ ભગવદીય જે તાદશી અર્થાત્ સ્વામીના સમાન અલૌકિક સામર્થ્યવાળા છે તેની સાથે કરવાથી સંબંધની દ્રઢતા વિશેષ-વિશેષ થતી રહે છે.

આવા ભક્તોએ જે ગુણગાન પ્રગટ કર્યાં છે તે મનનનીય છે. આવા ભક્તોની ચરણરજ પ્રાપ્ત કરી ગોપાલદાસભાઇ વ્યારાવાળા મનપ્રબોધ ગ્રંથ રચવામાં સહાયક હોવાથી તેમનું ચિંતન કર્યું છે. ગોપાલદાસભાઇ આગળ કહે છે કે આવા પરમકૃપાપાત્ર ભક્તો સાથે જ મિલાપ અને આલાપ કરવાનો મને આગ્રહ છે. સ્વામીનાં સંબંધ વિનાની કોઇની સાથે આલાપ યા મિલાપ કરવાની જરા પણ રુચિ નથી. જેમના દર્શન માત્રથી એ રસિક સ્વરૂપની સુરતિ આવે એવા પરમકૃપારૂપ ભક્તોનાં મિલાપનો મનોરથ સંલાપ-આલાપથી અલૌકિક રસ વધુને વધુ અનુભૂતિનો વિષય બને છે. પછી ગોપાલદાસભાઇ આ કૃપાબળ પ્રાપ્ત કર્યું એટલે કે ગ્રંથની રચના કરવાની શક્તિ આપી એની પાછળ કયો હેતું છે-શું નિયામક છે ? એનું પ્રતિપાદન હવે આગળના કવિત્ત દ્વારા કરશે.....

...ક્રમશઃ

ગ્રંથકર્તા વ્યારાવાળા ગોપાલદાસભાઇજી, સંયોજન-વિવેચનકર્તા ગો.શ્રીરસિકરાયજી (રાજકોટ).

|| श्रीगोकुलनाथाष्टकम् ||

भवभीतजनाखिलभीतिहरं हरवन्दितनूजरतम् ।
रतवृद्धगुरुद्विजभृत्यजनं जनदुर्लभमार्गसुबोधकरम् ॥१॥

સંસારથી ભય પામેલા માણસનો સઘળો ભય હરનાર, માહાદેવે વંદન કરેલા શ્રીનંદરાયજીના પુત્ર (શ્રીકૃષ્ણમાં)માં પ્રીતિવાળા, વડીલો, બ્રાહ્મણો અને સેવકો પર પ્રેમવાળા અને તેમનો પ્રેમ જેમના ઉપર છે એવા, માણસોને કઠીન માર્ગ સહેલો કરી આપનાર જોવા શ્રીગોકુલેશ પ્રભુનું હું ધ્યાન ધરું છું. ૧

करपद्मसुसेवितशैलवरं धरणीतलविश्रुतसाधुगुणम् ।
गुणसिन्धुविमर्दितदुष्टमुखं मुखकल्पितमार्गनिवृत्तिपरम् ॥२॥

કરકમલવડે શ્રીગિરિરાજધરણની સેવા કરનાર, પૃથ્વીમાં જેમના સદ્‌ગુણો સંભળાય છે અને પોતાના ગુણસાગરથી દુષ્ટ જનોના મુખને બંધ કરનાર, અને વેદવિરુદ્ધ મનકલ્પિત માર્ગોને મટાડનાર એવા શ્રીગોકુલેશ પ્રભુનું હું ધ્યાન ધરું છું. ૨

परमप्रियमङ्गलवेषधरं वरबन्धुसुहृत्सुतलब्धसुखम् ।
सुखसागरमम्बुजसारुमुखं मुखपङ्कजकीर्तितकृष्णकथम् ॥३॥

પરમપ્રિય મંગલવેષ ધારણ કરનાર, પોતાના વડીલ બંધુઓ, મિત્રો અને પુત્રોથી સુખ મેળવનાર તથા તેમને સુખ આપનાર, સુખના સાગર, કમળ જેવા સુંદર મુખવાળા વદન કમળથી કૃષ્ણકથા કહેનાર એવા શ્રીગોકુલેશ પ્રભુનું હું ધ્યાન ધરું છું. ૩

कथनीयगुणामृतवारि निधिं निधिसेवितमर्चितपद्मपदम् ।
पदपङ्कजसंश्रितविज्ञबुधं बुधविट्ठलनाथचतुर्थसुतम् ॥४॥

પ્રશંસા કરવા યોગ્ય સદ્‌ગુણસાધના સાગર, પોતાના સેવ્ય સ્વરૂપના ચરણકમળની સેવા કરનાર, વિદ્વાનો જેમના ચરણ કમળનો આશ્રય કરે છે તેવા વિદ્વાન શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના ચતુર્થપુત્ર શ્રીગોકુલેશ પ્રભુ છે, એવા આપશ્રીના સ્વરૂપનું હું ધ્યાન ધરું છું. ૪

सुतरां करुणाब्धिमनन्तगुणं गुणरत्नविराजितशुद्धतनुम् ।
तनुरत्नवशीकृतनन्दसुतं सुतमित्रकलत्रसुसेव्यपदम् ॥५॥

અત્યંત કરુણાસાગર, અનંતગુણવાળા, સદ્‌ગુણોરૂપી રત્નો જેના પવિત્ર દેહમાં શોભે છે એવા, રત્ન જેવા દેહથી શ્રીનંદકુમારને વશ કરનાર, પુત્ર, મિત્ર અને પત્નીથી સારી રીતે શ્રીચરણસેવા કરાય છે એવા શ્રીગોકુલેશ પ્રભુનાં સ્વરૂપનું હું ધ્યાન ધરું છું. ૫

पदपङ्कजपावितसाधुजनं जनहेतुगृहीतमनुष्यतनुम् ।
तनुक्रान्तितिरस्कृतपञ्चशरं शरणागतरक्षितभक्तजनम् ॥६॥

શ્રીચરણકમળ વડે વૈષ્ણવોને પવિત્ર કરનાર, (નિજ)જનો માટે મનુષ્ય દેહ ધરનાર, દેહસૌંદર્યથી કામદેવને ઝાંખો પાડનાર, શરણે આવેલા ભક્તોનું રક્ષણ કરનાર એવા શ્રીગોકુલેશ પ્રભુચરણના સ્વરૂપનું હું ધ્યાન ધરું છું. ૬

जनतोषणपोषणदत्तहृदं हृदयार्पित-गोपवधूरमणम् ।
रमणीयतरामलभक्तिकृतं कृतकृष्णकथामृततृप्तजनम् ।। ७ ।।

(નિજ)જનોને હૃદયથી સંતોષ અને પોષણ દેનાર, ગોપીજનવલ્લભ એવા પ્રભુને હૃદય અર્પણ કરનાર, વધારે રમણિય અમલ ભક્તિ કરનાર, કૃષ્ણકથામૃત વડે (નિજ) જનોને તુપ્ત કરનાર એવા શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપનું હું ધ્યાન ધરું છું. ૭

जनवाञ्छितकामदरत्नगुणं गुणभूषणभूषितलोकगुरुम् ।
गुरुगोकुलनाथमुपासमहंमहतां परिसेवितमाकलये ।। ८ ।।

નિજજનોની ઈચ્છાઓને ચિંતામણી જેમ પૂરનાર ગુણવાળા, ગુણીયલોમાં શ્રેષ્ઠ, અને પરમકૃપાપાત્ર ભક્તો વડે સેવેલ શ્રીસદ્‌ગુરુ શ્રીગોકુલનાથને શરણે જાઉં છું અને એમના સ્વરૂપનું હું ધ્યાન ધરું છું. ૮

श्रीमद्गोकुलनाथानामाष्टकं यः पठेन्नरः ।
गोकुलेशपदाम्भोजभाक्तिं स लभते पराम् ।। ९ ।।

જે માણસ (ભક્ત) આ શ્રીગોકુલેશ પ્રભુના નામના આ અષ્ટકનો પાઠ કરે તેને શ્રેષ્ઠ એવી શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણકમળની ભક્તિ મળે છે. ૯

।। इति सिंहावलाक्यमकगर्भं श्रीगोकुलनाथाष्टकं संपूर्णम् ।।

।। એમ શ્રીગોકુલનાથાષ્ટકં સંપૂર્ણ થયું ।।

જૈ જૈ શ્રીગોકુલેશ

કૃપા કરો પ્રભુજી તમો, જીરે હું

કૃપા કરો પ્રભુજી તમો, જીરે હું બલિહારી જાઉં;
તમારા પ્રાગટ્ય તણી, જીરે જન્મલીલા ગાઉં. કૃપા. ૧
ઉત્તમ સુદિ સાતમ ભલી, જીરે ધન્ય ધન્ય માગસર માસ;
શ્રીવિઠ્ઠલગૃહ પધારીને જીરે પૂરી મનની આશ. કૃપા. ૨
પ્રયાગ મધ્યે પ્રગટિયા, જીરે એહ અલૌકિક રૂપ;
સેવકજન સુખ પામિયાં, જીરે શ્રીવ્રજપતિ ગોકુલભૂપ. કૃપા. ૩
ભક્તિ મારગ રાખવા, જીરે કરવા તે મોટાં કાજ;
દામોદર દાસીએ એમ જણાવિયું, ભાગ્ય હમારાં આજ. કૃપા. ૪
પૂરણ પુરુષોત્તમ પ્રગટિયા, જીરે ધન્ય ધન્ય શ્રીરુક્મિની માત;
કૃષ્ણાદાસીએ એમ જણાવ્યું, **આયો મેરો શ્રીગોકુલનાથ**. કૃપા. ૫

શ્રીશોભાજી સુખ પામીયાં જીરે ઉલટ અંગ ન માય;
અચરજ દીઠું અતિઘણું, વચને કહ્યું એ ન જાય. કૃપા. ૬
કમલલોચનની છબી, જીરે અંગઅંગ કોટિ પ્રકાશ;
મંગલ ગાયે મોદશું, જીરે પૂરી મનની આશ. કૃપા. ૭
સુંદર શોભા મારા નાથની, જીરે નીરખતાં નેન ન અઘાય;
જીરે વદનકમલ નિહાળીને, જનની બલિ બલિ જાય. કૃપા. ૮
જુવતી જૂથ ટોળે મળી, હૈયલડે હરખ ન માય;
રાણી રુક્મિણીજીના લાલને, સહુકો વધાવાને જાય. કૃપા. ૯
જેજેકાર ત્રિલોકમાં જીરે, ઘેરઘેર ઉત્સવ થાય;
જે દિવસથી પ્રગટ હવા, જીરે શ્રીગોકુલનો રે રાય. કૃપા. ૧૦
વેગે તે આવી વધામણી, જીરે શ્રીવિઠ્ઠલજી છે ત્યાંહ;
આનન્દસાગર ઉલટ્યો, જીરે ગોવર્ધન માંહ્ય. કૃપા. ૧૧
દેવે દુંદુભિ બજાવિયાં, જીરે ગાજ્યું શ્રીગોકુલ ગામ;
પુષ્પની વૃષ્ટિ અમર કરે, જીરે પોતાને નિજ ધામ. કૃપા. ૧૨
શ્રીગુસાંઈજી પધારીઆ, જીરે જોયું શ્રીમુખ એહ;
શ્રીવલ્લભ પોતાતણું, નામ નિરૂપ્યું તેહ. કૃપા. ૧૩
ગૌદાન દીધાં અતિઘણાં, જીરે વિધવિધનાં જેહ;
સુત પ્રગટ હવો અભિનવો, જીરે હર્ષે ફૂલ્યા દેહ. કૃપા. ૧૪
જેજે શ્રીગોકુલનાથ, જીરે વિચાર્યું મન રાજ;
કળિજુગમાં કરુણા કરી, જીરે ભાગ્ય હમારાં આજ. કૃપા. ૧૫
કારણ કોટિ અનેક એનાં, જીરે નિગમ ન જાણે પાર;
નવલ નાગર પ્રગટીયા, જીરે ભક્ત તણો આધાર. કૃપા. ૧૬
સજ્જન સહુ સુખ પામિયા, જીરે નિરખ્યાં શ્રીવિઠ્ઠલનંદ;
રૂપાંબાઈ ચરણે નમે, જીરે અવિચળ શ્રીગોકુલચંદ. કૃપા. ૧૭

કવિત

સ્વારથ સુખારથકે સ્વાદ બહુ ભાંતિ મનમેં,
લાયો મન મેરો પર ન લગ્યો એક પલકે;
જહાં અભિરામ તોકો તહાં ન વિરામ નેક,
વામ અરૂ કામ તેં છુડાયો છલબલ કે;
આપનો બિગારવેકો આપને અનેક ભાંતિ,
ઉદ્યમ કીયો, પેં રક્ષા કીની આપ ઢલકે;
આપ તે નિરોધ કરિ બોધકે પ્રબોધ કરી,
કેવલ સ્વરૂપબલ રાખ્યો મોહે બલકે. ૨૮

શ્રીગોકુલનાથકી જય

: શ્રીગોકુલેશ પ્રભુની આજ્ઞા :

દુશ્મન કોણ :-

એકવાર શ્રીગોકુલેશ પ્રભુ શ્રીગોકુલમાં બિરાજમાન હતા. માલા ઉપદ્રવનો સમય ચાલતો હતો. આથી આ વખતે એક સેવકે આવીને શ્રીગોકુલેશ પ્રભુને પુછ્યું કે જે રાજ! હવે આપણે અહીં રહેવા જેવું નથી, કારણકે દુશ્મનો આપણા બહુ વધી ગયા છે. આ સાંભળી શ્રીગોકુલેશ પ્રભુ શ્રીમુખે આજ્ઞા કરી કે 'તમારો દુશ્મન કોઇ નથી. તમારું મન તમારો દુશ્મન છે. દુષ્ - ખરાબ અને મન - મન, અર્થાત્ કે તમારું મન ખરાબ છે. માટે તમે બધાને દુશ્મન દેખો છો. દુષ્ એટલે દુષ્ટ અને દુષ્ટ એટલે ઇષ્ટથી દૂર રહેવું તે. એટલે કે તમારું મન ઇષ્ટ એટલે ઈશ્વર તેનાથી દૂર છે. માટે તમે દુશ્મન દેખો છો. જો આપણો સર્વાત્મભાવવાળા હોઇએ તો કોઇપણ આપણો દુશ્મન નથી.

વિવેચન :- આ વાત તદ્દન ખરી છે. મન જ ખરાબ હોય તે સર્વને દુશ્મન દેખે. આ સંબંધમાં એક વાત છે કે એક કન્યા સાસરે ગઇ, ત્યાં પંદરેક દિવસ રહીને વળી પિયર ગઇ. ત્યારે એની માએ પૂછ્યું કે બેટા, તારી સાસુનો સ્વભાવ કેવો છે? એટલે પેલી કન્યાએ કહ્યું ખરાબ. સસરાનો કેવો? તો કહે બહુ ખરાબ, દેરાણી કેવી? તો કહે બહુ ન નપાટ. જેઠાણી? તો કહે એની તો વાત જ ન કરવી, આમ જેનું જેનું પૂછ્યું તેનું ખરાબ કહ્યું. એટલે માં બોલી કે બેટા તુ જ ખરાબ છે એટલે કે તારી દૃષ્ટિ ખરાબ, દોષવાળી હોવાથી તુ બધાને ખરાબ દેખે છે.....

|| ShriGokulesho Jayati ||

ShriVallabh Vaani

(ShriMahaprabhuji's Works)

ShriVallabhacharya is said to have written eighty-four works, the prominent amongst which are the following:-

Tattvartha Dipa-Nibandha: It contains three chapters. The first chapter is called Shastrartha, which means Gitartha-a fine exposition of Shrimad BhagavadGita. The second chapter is called Sarva-Nirnaya. It contains the opinions of the Aacharya on all the principal schools of Philosophy and systemis of religions. This chapter forms a most admirable treaties on comparative philosophy. The third chapter is named Bhagavartartha. It lucidly explains of the scope and meaning of Shrimad Bhagavata. For further elucidation the Aacharya wrote a commentary on this book.

The Anu-Bhashya : It is the profound commentary on the Brahma Sutras. It is available only upto III 2-33, the remaining portion being supported by His second son ShriVitthalnathji alis ShriGusaiji. ShriMahaprabhuji seems to have written a more extensive commentary on the Brahmasutras, which may be described as BrihadBhashya (long commentary) and then made a summury of this in the form of what is known as AnuBhashya (short commentary).

Purva-Mimansa-Bhashya : It is a commentary on the Jaimini-Sutras. The only available part of the commentary is on I I I and II I. It begins with forty-two verses, which summarize the discussion of the Bhashya on the first Sutra.

Subodhini : It is the commentary on Shrimad Bhagavata. This is a masterly work. It conclusively proves that Bhagavata is nothing byt a systematic exposition of the science of Supreme Love towards God. Unfortunately this commentary is not fully available. It is available on the first three Skandas (cantos-books) a part of the fourth Canto (viz six chapters and a portion 13 verses, only of the seventh chapter), the tenth canto, and a part of the eleventh canto (Viz first four chapters and only one verse of the fifth chapter). It is worthy to be noted that according to Vallabha, one who makes a critical study of the Bhagavata and realizes the fact that one and the same topic is discussed in all the seven different parts of the Bhagavata, enjoys liberation. These seven parts are Shastras, (Scripture Viz. Bhagavata (as a whole) Skandha, Prakarana, Adhyaya, Vakya, Padas, Akshara). It may be noted that the meaning of the first four parts is given in the Bhagavartartha (third chapter of the Tattvartha-Deepa) while that of the last three is given in Subodhiniji.

Sixteen Treaties, of the smaller works like Yamunastaka, Balbodha, etc... Also Gayatri Bhashya, Patravalambana, Several Astakas, etc are more prominent.

Four Basic Works

It may be remembered that ShriVallabhacharya accepted four basic works as authority. 1. The Vedas, 2. The Bhagavad-Gita, 3. The Brahmasutras and 4. The Bhagavata. According to Him the order of these works, is a most logical, as the doubt in each preceeding work are removed by the one that follows. Accordingly, the doubt of the Vedas are to be removed in the light of the Gita, those in the Gita in the light of the Brahmasutras and those in the Brahmasutra in the light of the Bhagavata, which has been apty described as **the ripe fruit of the wishful filling tree namely the Vedas** which have their **root** in the Gayatri.

According to ShriVallabhacharya the basic works (the Vedas, the Upanishads, the Gita and the Brahmasutras) teach beyond doubt the doctroine of Advaita, pure and simple, without any reference of so-called Maya by ShriShankara. The Advaita of the Upanishads is thus Shuddha (pure) unalloyed with Maya, but the sense and effect being pure and one Vallabha's system is known from the philosophical point of view as Shuddhadvaita (pure non-dualism).

As the system, again, strongly emphasizes Pushti, it is technically called the Pushti Marga. The simple meaning of the expression is "the path of divine grace". It does not mean nourishment of the physical body, i.e. eating, drinking and enjoying. According to Vallabhacharya, it is the most powerful and unfailing means of enjoying the highest bliss. It is most interesting to note that this divine bliss is purely a gift of the Lord and cannot be obtained by any human effort. Pushti is found in the case of the Gopis of Vrindaban, who are rightly described as the spiritual teachers who have opened the Path of Grace, to the world at large. Those who enjoy this divine grace automatically begin to love the Lord and look upon Him not only as their Lord, but as everything.

This divine doctrine is called SarvatmaBhava, whole hearted devotion. It is quite different from the sarvatmabhava of the Jnanis perceivers of one in all who recognize Brahman in all things. The Gopis possessed Sarvatmabhava (all in oneness) in a remarkable manner and Lord Krishna had therefore to remain quite obedient to them. In Pushtimarga the experience of swaroopananda is believed to be superior to that of the Brahmananda and it is the highest conception of the Liberation.

ShriVallabhacharya has clearly distinguished the Pushti-Marga from the Maryada-Marga. In the latter, an individual has to follow the dictates of the Vedas, and practice the different types of Bhakti such as Sharavana, Kirtana, Smarana, etc called as the Navadha Bhakti, until he begins to love the Lord, who, taking into consideration his efforts grants him Sayujya Mukti. In the Pushti-Marga however, through the operation of divine grace only, one starts with loving the Lord and then practice Shravana, etc. out of that love and not with a view of generating it. Secondly the Maryada-Marga is open only to the males of the first three classes viz. Brahmanas, Kshatriyas, and Vaishyas, while the Pushti-Marga is open to all without reservation. It knows no distinction of sex, caste, creed or nationality.

Thirdly, Maryada-Margi has to act upon the strength of the spiritual injuctions and to act in conformity with them, while the devotee of the Pushti-Marga does every thing out of his natural love for

the sake of the Lord. Lastly, the Pushti-Marga was the only way of worship relevant to the times of Vallabha as they were the times most unfavourable to Karma, Jnana and Vedic Bhakti. People in general and women and Shudras in particular had no chance to ameliorating their status from the spiritual view point. People were unable to put the vedic teaching into practice.

From the above discussion, it is clear that the Pushti-Marga is the path of Devotion. According to ShriVallabhacharya the meaning of devotion is as follows :

'Most enduring love towards God, surpassing all and based on the knowledge of the greatness of God, is called Devotion. Liberation is attained through it alone-and in no other way. That uninterrupted motion of the mind towards, God, free from trammels (both laukika and Vaidika) like the flow of the Ganges, which cuts its way through mountains, etc. towards the sea is called Devotion'.

Thus, ShriVallabhacharya's Devotion is intense love towards God, based on knowledge of His greatness. According to Him, Knowledge makes the mind pure and enables a man to distinguish between right and wrong. With the assistance of Knowledge a man can safely cross ovr the ocean of Life, but without Devotion he cannot attain God. In Devotion, by means of self-surrender (samarpana) one is entitled to Almighty. As God is gracious, He guards His Devotion-on His way. The Devotee has therefore no danger of pitfalls. The path of devotion is productive of bliss in its course and it terminates in final emancipation and infinite bliss. In this path of devotion, Viprayoga Shringar is believed to be superior to Samyoga Shringar, as in the company of the Lord the devotee enjoys happiness of Union, while in His absence He experiments the misery of separation and thinks of Him all the time, so much so that he cannot see or experience anything but Lord Himself, What is Krishna?

In this path of devotion the Almighty is generally known by the name KRISHNA. The meaning of the word KRISHNA is as follows :-

'कृष्' – Existence and **'ण'** – Bliss (**सदानंद**). Thus a compound of these two words stands for the Parmatman. He is called Brahman in the Upanishads, Parmatma in the Smritis and the Bhagavana in Shrimad Bhagavata.

In this system, the highest entity of Krishna or Brahman, which is Sat (existences), Chitt (knowledge), Ananda (bliss) and Rasa (sentiment). He is Purna Purushottama and is therefore Personal in nature. He posseses many divine qualities, of which Jnana and Kriya are the most prominent. He also possesses contradictory qualities. He is devoid of wordly or physical qualities. He possesses a sort of the body totally made of 'Ananda' which is infinite. He is omini present and eternal. He is both 'Karta' and 'Bhokta'. He has created the Universe out of Himself, for leela. He does not undergo any change even when he transforms Himself into this world....

Reference :- From "ShriVallabhacharyaji *by Navnit P.Gandhi*....

ShriGokulnath Ki Jai





તાત તણો પ્રતિબિંબ રે રસના

વર્ષ ૩ અંક ૬
શ્રીઅજા
એકાદશી વ્રત
શ્રાવણ વદ ૧૧,
૨૦૬૬

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપ શ્રીગોકુલમેં અપને મંદિરમેં નામાઘરકે ચોકમેં બિરાજત હતે, તબ શ્રી..જીકે દર્શન ખુલે, તબ આપકે પાસ વૈષ્ણવ સમાજ બહુત હતો. સો સબ ઉઠકે શ્રી...જીકે દર્શનકું ગયે, વામેસું દો-તીન વૈષ્ણવ બૈઠે રહે, તબ કાહુને કહી ચલો દર્શન ખુલે હે, તબ વા વૈષ્ણવને કહી, જાકે દર્શન ખુલે હે સો તો યહાં બિરાજત હે, એ સુનકે વાકો ભાવ જાનકે મુસકાયે, એ સ્વરૂપ નૈષ્ટિક ભક્તકે ભાવકી સરાહના કરી, સો પૂર્ણ કૃપા વિના સમજવેમેં આવત નાહીં (પુષ્ટિમાર્ગમેં ભાવ પ્રધાન હે.)

યા પ્રસંગકું સમજવે કે લિયે યહ પદસું સમજ આવે હે:

ગુરુ ગોવિંદ દોનું ખડે, કીનકું લાગું પાય;

બલિહારી ગુરુદેવકી, જીન્હે ગોવિંદ દીયે બતાય.

શ્રીગુરુદેવ પર પ્રભુ સુ અધિક ભાવના રાખની, કારણ શ્રીગુરુદેવ પ્રભુકો મિલાવે હે. યા લિયે એ વૈષ્ણવકો ભાવ અધિક હતો, ભાવપ્રધાન હતો. ૯૪